ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૩૮ ટકા

# શહેરમાં પલ્સ પોલિયો અભિયાનમાં રોટરી કલબનું નોંધપાત્ર યોગદાન



પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં, સેવા વસ્તીમાં પલ્સ પોલીયોના ટીપા પીવડાવવામાં આવ્યા હતા. રોટરી કલબના સભ્યોએ આ અભિયાન અંતર્ગત સઘન કામગીરી કરી હતી.

# માટીથી મોટો કોઈ સર્જક નથી : મણિલાલ હ. પટેલ

## ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે નવલકથાના ૧૫૦ વર્ષ વિષયક સાહિત્યિક પરિસંવાદ યોજાયો : પરિસંવાદ દરમિયાન ચાર પુસ્તકોના લોકાર્પણ યોજાયા




ગાંધીનગર, તા.૧૦

'નવલકથા સિધ્ધાંતો આધારિત નથી લખાતી પરંતુ લખાયા પછી સિધ્ધાંતો બને છે.' આજે ગાંધીનગરના સેકટર-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે યોજાયેલા ગુજરાતી નવલકથાના ૧૫૦ વર્ષ વિષયક સાહિત્યિક પરિસંવાદમાં જાણીતા સાહિત્યકાર તથા વિવેચક મણિલાલ હ. પટેલે જણાવ્યું હતું કે 'માટીમાં રૂપાંતર કરવાનો ગુણ હોય છે માટે માટીથી મોટો કોઈ સર્જક નથી, જો નવલકથાકાર રૂપાંતર કરે તો જ સાર્થક કહેવાય.' ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી આ સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરાયું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં શહેરના સાહિત્ય સર્જકો તથા ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન કુલ ચાર પુસ્તકોના લોકાર્પણ કરાયા હતા.

ગાંધીનગર સાહિત્ય સભા આયોજિત સાહિત્યિક પરિસંવાદના મુખ્ય વકતા મણિલાલ પટેલે નવલકથાના ૧૫૦ વર્ષના ઐતિહાસિક સમયગાળાને વિવિધ પાંચ ખંડમાં વર્ગીકૃત કરવા સાથે નવલકથાના પ્રકારો વિશે પણ રસપ્રદ છણાવટ રજૂ કરી હતી. આ સાથે તેમણે કહ્યું હતું કે, 'નવલકથાના ગદ્યને કવિતાના સૌંદર્ય સુધી લઈ જવું તે એક કસોટી છે.' આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાએ જણાવ્યું હતું કે 'બધા સમજે છે કે ગાંધીનગર સરકારી નગર હોવાથી અહીં જીઆર, સીઆરનું જંગલ છે પરંતુ અહીં તો કવિતાનું ઉપવન છે. કારણ કે અહીં ગુજરાતના કોઈ પણ શહેર કરતા વસ્તીના પ્રમાણમાં સૌથી વધુ સાહિત્યકારો વસે છે અને દર સપ્તાહે ૨ પુસ્તકોના લોકાર્પણ થાય છે તેથી ગાંધીનગર એક સંસ્કારી નગર છે.' આ પ્રસંગે ઉપસ્થિત મહીસાગરના નિવાસી કલેકટર રમેશ ઠકકરે કહ્યું હતું કે 'ગાંધીનગરમાં સેકટર દીઠ ચાર સાહિત્યકારો વસે છે એટલે જ કદાચ ગાંધીનગરમાં ક્રાઈમ રેટ ઓછો છે.' આ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડયા નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત રહી શકયા નહોતા જયારે જાણીતા નવલકથાકાર કવિ કિશોરસિંહ સોલંકીએ તેમની અનુપસ્થિતિમાં સંદેશ મોકલ્યો હતો જેમાં તેમણે જણાવ્યું હતું કે 'ગાંધીયુગ દરમિયાન સાહિત્યમાં ગ્રામજીવન પ્રવેશ્યું હતું.'

કાર્યક્રમના સંચાલક તથા સાહિત્યકાર કલ્પેશ પટેલે ગાંધીનગરમાં વસતા નવલકથાકારો તથા તેમની નલકથાઓનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે સાહિત્યસભાના અધ્યક્ષ નટવર હેડાઉએ શાબ્દિક સ્વાગત કર્યા બાદ ઉપાધ્યક્ષ સંજય થોરાતે સાહિત્ય સભાની કામગીરીથી શ્રોતાઓને અવગત કરાવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત અતિથિ વિશેષ નહેરુ યુવા કેન્દ્રના યુથ કોઓર્ડિનેટર રજનીકાંત સુથારે સાહિત્યસભાના કોઈ પણ કાર્યક્રમ માટે યુથ હોસ્ટેલના દરવાજા ખુલ્લા હોવાનું જણાવી શહેરના યુવા સાહિત્ય સર્જકોને પ્રોત્સાહન આપવાની કટિબધ્ધતા વ્યકત કરી હતી. કાર્યક્રમના સમાપને મૂળજીભાઈ પરમાર 'દધિ' એ આભારદર્શન વ્યકત કર્યું હતું. કાર્યક્રમમાં શહેરના વરિષ્ઠ સાહિત્યકારો, સાહિત્યસભાના સભ્યો તથા સાહિત્ય રસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### કયા ચાર પુસ્તકોના લોકાર્પણ થયા?

- સરવાણી શબદની - ભરત કવિ
- સાચા પ્રેમની શોધ - ગુલાબચંદ પટેલ
- સ્મરણ ફેરો - ભીખુ કવિ
- જય પશુપતિનાથ - રણછોડ પરમાર




સંસ્કાર ગ્રુપના બાળકો ગાંધીનગર સમાચારના જન્મદિનની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર સમાચારની મુલાકાતે આવ્યા હતા. બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક વિવિધ ચિત્રો બનાવ્યા હતા અને કચેરીને અર્પણ કર્યા હતા.

# અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ ખાતે મહિલા કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે મહિલા સશકિતકરણ અને મહિલા અધિકારોની જાગૃતિ ફેલાવવના હેતુસર તા. ૮ માર્ચ વિશ્વ મહિલા દિનની ઉજવણીના ભાગરુપે ખાસ મહિલા કાનૂની શિબિરનું આયોજન શ્રી અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ, કડી કેમ્પસ,સે-૨૩ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કોર્ટ ટ્રેઈનર પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ મહિલા સશકિતકરણ અને મહિલા હક્કો વિશે વિગતવાર માહિતી સભર વકતવ્ય રજૂ કર્યું હતું. પેરાલીગલ વોલન્ટીયર મધુસુદનભાઈ જોષએ સાઈબર ક્રાઈમ અંગે સમજણ આપી હતી. જેમાં પીએલવી મનસુખભાઈ કોટેચા પણ હાજર રહ્યા હતા.





આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલ ડૉ. વિજ્ઞાબેન ઓઝા તથા મહેમાનપદે કોલેજના પ્રો. ડૉ. નીના ગણેશનની વિશેષ પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

નામદાર સુપ્રિમકોર્ટના આદેશાનુસાર સમગ્ર દેશમાં જનજાગૃતિ શિક્ષણ કાનૂની શિબિરનું આયોજન હાથ ધરાય છે તેના ભાગરુપે ૮મી માર્ચ વિશ્વ મહિલા દિનની ઉજવણી કોર્ટ દ્વારા કરવામાં આવી હતી. વિશ્વ મહિલા દિનનું વર્ષ ૨૦૧૯નું સુત્ર 'એક બહેતર વિશ્વ માટે સંતુલન' છે.

# ધારે ત્યાં સ્વર્ગ સર્જવાની શકિત ઈશ્વરે મહિલાને આપી છે

## અચાનક વૈધવ્ય પામેલી ગૃહિણીએ તરણકળા શીખી ૭૨ વર્ષની માતા સાથે મળીને ૫૧ વર્ષની વયે રાષ્ટ્રીય કક્ષાએ સુવર્ણચંદ્રક મેળવ્યા હતા આજે ૬૪ વર્ષની વયે પણ દર વર્ષે અઢળક મેડલ્સ જીતતા ગાંધીનગરના મનિષા ત્રિપાઠી દરેક માટે પ્રેરણામૂર્તિ સાબિત થઈ રહ્યા છે




ગાંધીનગર, તા.૧૦

આ વર્ષે વિશ્વ મહિલા દિવસ તા. ૮મી માર્ચના રોજ સોશ્યલ મિડિયા પર પ્રાપ્ત થયેલા મેસેજીસમાં સૌથી શ્રેષ્ઠ મેસેજ એ હતો કે 'જે મહિલાઓ કોઈ અપેક્ષા રાખતી નથી તે હકીકતમાં બધુ જ પામવા હક્કદાર હોય છે, સક્ષમ હોય છે.' વિશ્વ મહિલા દિવસની ઉજવણીના સંદર્ભે મહિલાઓ વિશે અઢળક લખાયું છે અને મહિલાઓ તે માટે હક્કદાર પણ છે. વિશ્વભરમાં મહિલાઓએ તેમની સક્ષમતા દરેક ક્ષેત્રે પુરવાર કરી છે. ગાંધીનગરમાં પણ અનેક મહિલા વિભૂતિઓ વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન આપી ચુકી છે અને આપી રહી છે. પાટનગરની આવી જ એક માતા-પુત્રીની જોડીએ એક સમયે પોતાની 'વરિષ્ઠ વયે' પહેલીવાર રાષ્ટ્રીય કક્ષાની તરણસ્પર્ધામાં ભાગ લીધો હતો અને બંનેએ પોત પોતાના વયજુથમાં સુવર્ણચંદ્રક જીતી સૌને અચંબિત કર્યા હતા. આજે પણ તે જોડી પૈકી પુત્રી તેમની ૬૪ વર્ષની વયે દર વર્ષે અસંખ્ય મેડલ્સ જીતી રહ્યા છે અને માત્ર શહેરની જ નહીં પરંતુ રાજયભરની મહિલાઓ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પુરું પાડી રહ્યા છે.

ગુજરાતમાં સુરેશ મહેતા મુખ્યમંત્રી હતા ત્યારે જોઈન્ટ સેક્રેટરીનો હોદ્દો ધરાવતા મૂળ કચ્છના ભૂજના વતની મધૂસૂદન ભટ્ટ અને તેમના ધર્મપત્નિ પ્રતાપલક્ષ્મીના દિકરી એવા મનિષાબોન માત્ર ઓલ્ડ એસએસસી પાસ કરી બેંક અધિકારી નૌતમલાલ ત્રિપાઠી સાથે લગ્નગ્રંથીથી જોડાયા હતા. લગ્નબાદ પતિની નોકરીના કારણે મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર એમ વિવિધ રાજયોમાં વસવાટ કરી ચુકેલા ત્રિપાઠી દંપતિ ગાંધીનગર ખાતે બદલી થતા વર્ષ ૧૯૭૯થી અહીં ઠરી ઠામ થયા અને એક વર્ષના ગાળામાં સેકટર-૨૩માં પોતાના ઘરનું નિર્માણ કર્યુ હતું. ગાંધીનગરમાં રહેવા આવવાને કારણે મનિષાબેનને અહીં રહેતા પોતાના મા-બાપનું સાંનિધ્ય પણ પ્રાપ્ત થયું હતું. મનિષાબેનના બે સંતાનો દિકરી ભાવના અને દિકરો આનંદ હજુ તો માંડ કોલેજના ઉંબરે પહોંચ્યા હતા ત્યારે નૌતમલાલ ત્રિપાઠીનું બ્લડ કેન્સરના કારણે દુઃખદ અવસાન થવા પામ્યું હતું. કિસ્મતના આ કારમા ઘાને રૂઝવવા મનિષાબેનની મદદે એક તો પતિની બેંકમાં રહેમરાહે મળેલી નોકરી અને બીજી માતાની હૂંફ આવી હતી. પોતાની નોકરી દરમિયાન જીવનની કસૌટીઓ સામે લડી લેવાનો નિર્ધાર કરી મનિષાબોને પોતાનો અધૂરો અભ્યાસ આગળ વધાર્યો અને હાયર સેકન્ડરી પાસ કર્યુ પછી ગ્રેજયુએશન અને પોસ્ટ ગ્રેજયુએશન પણ કર્યુ એ પણ રાષ્ટ્રભાષા હિન્દીમાં જેથી તેમનો બેંકની નોકરીમાં આગળ વધવા ખૂબ ઉપયોગી બની રહ્યું. બીજી તરફ માતાની સાથે તેમણે સેકટર-૨૧ના જીમખાનામાં સ્વિમિંગ શીખવાનું પણ શરુ કરી દીધું તે પણ પોતાની પુત્રી સાથે.






આ સમયે જીમખાનાના સ્વિમિંગ કોચ અંજનાબેન પટેલે પ્રતાપલક્ષ્મી, તેમના પુત્રી મનિષાબેન અને પૌત્રી ભાવના એમ એક સાથે ત્રણ પેઢીને તરણકળાની તાલીમ આપી હતી. થોડા વર્ષ બાદ જયારે વર્ષ ૨૦૦૫માં જયારે રાજકોટમાં સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલ દ્વિતિય નેશનલ માસ્ટર્સ એકવેટિક સ્પર્ધા યોજાઈ ત્યારે મિત્રોના પ્રોત્સાહનથી મા-દિકરીએ સૌ પ્રથમ વાર તરણસ્પર્ધામાં ભાગ લીધો અને તે પણ રાષ્ટ્રીયકક્ષાની એટલું જ નહીં બંનેએ પોતપોતાના વય જુથમાં સુવર્ણ ચંદ્રક જીતી સૌનો અચંબિત કરી દીધા હતા. આ સમયે માતાની ઉંમર ૭૨ અને મનિષાબોનની ઉંમર ૫૧ વર્ષની હતી.

બસ આ સ્પર્ધા પછી તો જાણે સ્વિમિંગ તેમના જીવનનું ધ્યેય બની ગયું અને મનિષાબેન ત્રિપાઠીએ દર વર્ષે જિલ્લા અને રાજયકક્ષાએ માસ્ટર્સ એકવેટિક એટલે કે વરિષ્ઠ ખેલાડીઓ માટેની તરણસ્પર્ધાઓમાં નિયમિત ભાગ લેવાનું શરુ કરી દીધું અને અઢળક સંખ્યામાં સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રકો જીતવાનો જાણે વણથંભ્યો સીલસીલો આરંભી દીધો છે. એક ગૃહિણીમાંથી અચાનક બેંક કર્મચારી અને પછી તરણવીર બની ચુકેલા મનિષાબોનો ખેલમહાકુંભથી માંડીને રાજયકક્ષા અને રાષ્ટ્રીયકક્ષાની માસ્ટર્સ એકવેટિક ચેમ્પિયનશીપ્સમાં ભાગ લઈ અસંખ્ય મેડલ્સ હાસંલ કર્યા છે. અને આજે પણ ૬૪ વર્ષની વયે તેમની આ યાત્રા વણથંભી છે. આ યાત્રામાં અનેક નોંધપાત્ર સિધ્ધિઓ પણ તેમણે હાંસલ કરી જેમાં વર્ષ ૨૦૧૦માં ગાંધીનગરમાં ઉદગમ ચેરિટેબલ સંસ્થા દ્વારા વિશ્વ મહિલા દિનના પરિપ્રેક્ષ્યમાં પ્રતિભાશાળી મહિલાને સન્માનવાના શરુ કરાયેલા પહેલા ચરણમાં જ 'વુમન્સ એચિવર એવોર્ડ' મેળવ્યો હતો. આ સાથે મનિષાબોનનો સિનિયર સિટિઝન કાઉન્સિલ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ સહિત અનેક સંસ્થાઓ દ્વારા વારંવાર સન્માનવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૫માં તેમણે વધુ એક મહત્વની સિધ્ધિ હાંસલ કરી જેમાં ભારતીય નૌ સેના દ્વારા નવેમ્બર માસમાં 'નેવી ડે'ની ઉજવણીના ભાગરુપે યોજાવામાં આવેલ દરિયાઈ તરણ સ્પર્ધામાં મુંબઈના કોલાબા ખાતેના દરિયામાં પ્રથમવાર ૬ કિલોમીટર તરીને મનિષાબેને રજતચંદ્રક જીત્યો હતો. આ સ્પર્ધામાં સામેલ ૪૩૫ તરવૈયાઓમાં તેઓ એક માત્ર ગુજરાતી સ્પર્ધક હતા. આ પછી તેમણે વર્ષ ૨૦૧૬થી ૨૦૧૮ સુધી સળંગ ત્રણ વર્ષ દરમિયાન પોરબંદર ખાતે શ્રીરામ સ્વિમિંગ કલબ દ્વારા યોજાતી નેશનલ સી સ્વિમીંગ કોમ્પિટીશન દરિયાઈ સ્પર્ધામાં ભાગ લઈ ત્રણેય વર્ષે ગોલ્ડ મેડલ્સ જીત્યા હતા.

દેશભરમાં ઈન્દોર, ભોપાલ, હૈદરાબાદ, સિકન્દરાબાદ, કુર્નુલ જેવા સ્થળોથી માંડીને રાજયભરની સ્પર્ધાઓમાં ચંદ્રકો પ્રાપ્ત કરનાર મનિષાબેને વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ સુધી લગભગ દર વર્ષે ચારથી પાંચ સુવર્ણચંદ્રકો અને અસંખ્ય સિલ્વર તથા બ્રોન્ઝ મેડલ્સ મેળવ્યા છે. માત્ર તરણસ્પર્ધા જ નહી પરંતુ આ સાથે અલ્ટરનેટીવ મેડિસીન ક્ષેત્રમાં મેગ્નેટ થેરેપી વિષયે તથા એકયુપ્રેશર, નેચરોપેથી જેવા વિષયે ડિપ્લોમાના અભ્યાસક્રમો પણ પુરા કરનાર મનિષાબેને એક તબક્કે જયારે પુત્ર વિદેશમાં હોવાથી એકલતા દરમિયાન સ્વરક્ષણ માટે કરાટેની પણ ચાર વર્ષ તાલીમ લીધી હતી. આ તાલીમને પગલે એકવાર ટ્રેઈનના રીઝર્વેશન કોચમાં ઘુસી આવેલા બદમાશને તેઓ બરાબર મેથીપાક ચખાડી સહપ્રવાસીઓની પ્રસંશા પામી ચુકયા છે. પોતાની સિધ્ધિઓમાં પુત્ર આનંદ અને પુત્રવધુ નીલમનો સહકાર સતત મળ્યો હોવાનું જણાવતા મનિષાબેન કહે છે, 'મહિલા એટલે મહાન હિતકારી લાજવંતી' તેઓ કહે છે 'મહિલાને ઈશ્વરે જન્મ સાથે જ સાત ગુણો આપ્યા હોય છે જેના થકી તે ધારે ત્યાં સ્વર્ગ સર્જી શકે છે.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com